# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલ શરૂ કરશે.**
- ✓ **સિંગાપોર અને બ્રુનેઇનો પ્રવાસ પૂર્ણ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વદેશ પરત ફર્યા..**
- ✓ **પૂરગ્રસ્ત આંન્ધ્રપ્રદેશ અને તેલંગાણાના પ્રવાસે ગયેલા કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે અસરગ્રસ્ત બંને રાજ્યોને તમામ સહાય પૂરી પાડવાની ખાત્રી આપી**
- ✓ **આયુષ માટે નેશનલ એક્ઝિટ ટેસ્ટ 2021-2022ના શૈક્ષણિક સત્ર પછીથી અમલી બનાવવાની આયુષ મંત્રાલયની જાહેરાત**
- ✓ **પેરિસ પેરાલેમ્પિક્સમાં ભારતના જૂડો ખેલાડી કપિલ પરમારે કાંસ્ય ચંદ્રક જીતતા રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ અભિનંદન પાઠવ્યાં**

## ***JAL SANCHAY ABHIYAN***

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સુરત ખાતે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જલ સંચય જન ભાગીદારી પહેલ શરૂ કરશે.**

**જલ શક્તિ અભિયાન સાથે આ પહેલ સંલગ્ન છે. વરસાદના એકેએકે ટીપાનો સંગ્રહ કરીને લાંબા ગાળાની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેનું આ અભિયાન છે. નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગો અને અન્ય સહભાગીદારોને**

સાંકળીને વરસાદી પાણીના સંગ્રહને અભિયાન સ્વરૂપે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે.. આ કાર્યક્રમ હેઠળ, સમગ્ર ગુજરાતમાં અંદાજે 24 હજાર 800 વરસાદી પાણીના સંગ્રહના માળખાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ ભૂગર્ભ જળ સંચય લાંબા ગાળે ફાયદાકારક સાબિત થશે.

.................

## PM ARRIVES DELHI

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી બ્રુનેઈ અને સિંગાપોરની મુલાકાત બાદ ગઇકાલે મોડી રાત્રે નવી દિલ્હી પરત ફર્યા છે.

તેમના આ પ્રવાસ દરમિયાન ભારત અને સિંગાપોર વચ્ચે  આરોગ્ય અને દવા, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, ડિજિટલ ટેક્નોલોજી તેમજ ભારત-સિંગાપોર સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ પાર્ટનરશિપના ક્ષેત્રોમાં ચાર સમજૂતીપત્રો પર પર હસ્તાક્ષર કરાયા હતા.

સિંગાપોર અગાઉ તેઓ બ્રુનેઇની મુલાકાતે ગયા હતા. ત્યાં પણ તેમણે ભારત અને બ્રુનેઇ અંગેનાં પારસ્પરિક સંબંધોને સુદ્રઢ બનાવવાની ચર્ચા કરી હતી.

.................

## BJP-STAR CAMPAIGNERS

ભારતીય જનતા પાર્ટીએ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 40 સ્ટાર પ્રચારકોના નામ જાહેર કર્યા છે.

તેમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, ભાજપના પ્રમુખ જેપી નડ્ડા અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નામો સામેલ છે.. કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આ મહિનાની 25મી તારીખે યોજાશે. કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, મનોહર લાલ ખટ્ટર, જી. કિશન રેડ્ડી, જિતેન્દ્ર સિંહ અને શિવરાજ સિંહ ચૌહાણ જેવા ભાજપના કેટલાક ટોચના નેતાઓ પણ પાર્ટીના સ્ટાર પ્રચારકોમાં સામેલ છે.

90 સભ્યોની જમ્મુ એન્ડ કાશ્મીર વિધાનસભા માટે ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે -- 18 સપ્ટેમ્બર, 25 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે મતદાન થશે અને 8 ઓક્ટોબરે મત ગણતરી હાથ ધરાશે.

.................

## *J&K-NOMINATION*

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે છ જિલ્લાની 26 બેઠકો માટે 310 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે

જમ્મુ સંવાદદાતા જણાવે છે કે ગઈકાલે આ તબક્કા માટે ઉમેદવારીપત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો. આ મહિનાની 25મી તારીખે મતદાન થશે. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો 9મી સપ્ટેમ્બર સુધી પોતાના નામ પરત ખેંચી શકશે.

.................

## *CHOUHAN - FLOOD*

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે આંધ્ર પ્રદેશમાં પૂરથી 1.8 લાખ હેક્ટર જમીનમાં પાકને નુકસાન થયું છે.

પ્રારંભિક અંદાજ મુજબ લગભગ 2 લાખ ખેડૂતોને અસર થઈ છે. તેમણે કહ્યું કે, ખાસ કરીને ફૂલો અને હળદરના પાકને ઘણું નુકસાન થયું છે. શ્રી ચૌહાણ પૂરની સ્થિતિનું મૂલ્યાંકન કરવા આંધ્રપ્રદેશ અને તેલંગાણાની બે દિવસીય મુલાકાતે છે. કૃષિ પ્રધાને નુકસાનની આકારણી પૂર્ણ કર્યા પછી કેન્દ્ર સરકાર તરફથી બંને રાજ્યોને તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. તેમણે કહ્યું, આકારણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને NDRFની ટીમો અને કૃષિ વિભાગના અધિકારીઓ નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે. કૃષિ મંત્રીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવામાં અને નુકસાન પામેલા પાક અને ઘરગથ્થુ સામાન માટે વળતર આપવામાં મદદ કરશે.

આંધ્રમાં, શ્રી ચૌહાણે વરસાદગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કર્યું હતું.. આજે, શ્રી ચૌહાણ પૂરગ્રસ્ત ખમ્મમ જિલ્લા અને તેલંગાણાના અન્ય વિસ્તારોની મુલાકાત લેશે

.................

## RAIN CLAIM - AANDRA PRADESH

આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખી કેન્દ્રીય નાણાં મંત્રાલયે જાહેર ક્ષેત્રની વીમા કંપનીઓને પૂરથી પ્રભાવિત લોકોને સંપૂર્ણ સહાય પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, વીમા કંપનીઓને વિશેષ શિબિરોનું આયોજન કરીને દાવાઓની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે.

.................

## IMD-WEATHER

હવામાન વિભાગે આગામી 4 થી 5 દિવસ દરમિયાન પશ્ચિમ અને મધ્ય ભારતના કેટલાક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે કહ્યું છે કે 11 સપ્ટેમ્બર સુધી છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત અને મધ્યપ્રદેશમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. તેલંગાણા, તટીય કર્ણાટક અને તટીય આંધ્રપ્રદેશમાં નવમી સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના છે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં આગામી બે દિવસ સુધી વરસાદી વાતાવરણ રહેશે. આ ઉપરાંત ઉત્તરપૂર્વ ભારત, આંદામાન નિકોબાર ટાપુઓ, ઓડિશા, પશ્ચિમ બંગાળના હિમાલયની તળેટી અને સિક્કિમમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

.................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *R G KAR DOCTORS SUSPENSION*

પશ્ચિમ બંગાળ સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ડૉ બિરુપક્ષ બિસ્વાસ અને ડૉ અવિક ડેને બરતરફ કરી દીધા છે.

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં પીજીટી ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યા કરવાના કેસ બાદ તેમના નામો સામે આવ્યા છે. આ બંને ઉપર પશ્ચિમ બંગાળની વિવિધ મેડિકલ કોલેજોમાં જુનિયર ડોક્ટરો તેમજ શિક્ષકોને ધમકાવવાનો આરોપ છે.

ડૉ. બિરુપક્ષ બિસ્વાસ પેથોલોજી વિભાગમાં બર્દ્વાન મેડિકલ કૉલેજના વરિષ્ઠ નિવાસી ડૉક્ટર છે અને ડૉ. અવિક ડે એ જ મેડિકલ કૉલેજના રેડિયોડાયગ્નોસિસ વિભાગના નિવાસી તબીબી અધિકારી છે અને કોલકાતાની SSKM મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં PGT છે.

પશ્ચિમ બંગાળના જુનિયર સહિતના ડૉક્ટર્સના સંગઠનો દ્વારા આ બંને ઉપર ગંભીર આરોપ લગાવવામાં આવ્યા હતા. આરજી કાર મેડિકલ કૉલેજ અને હોસ્પિટલના ધરપકડ કરાયેલા ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડોક્ટર સંદિપ ઘોષની સાથે ઘણી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણીના પણ આ બંને ઉપર આરોપ લગાવાઇ રહ્યાં છે..

.................

## *NATIONAL MEANS ENTRESS EXAM -2024-25*

કેન્દ્ર સરકારે નેશનલ મીન્સ-કમ-મેરિટ શિષ્યવૃત્તિ યોજના 2024-25 માટે વિદ્યાર્થીઓને અરજી દાખલ કરવાની અંતિમ તારીખ 30 સપ્ટેમ્બર સુધી લંબાવી છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ધોરણ 8 પછી ડ્રોપઆઉટ અટકાવવા અને ધોરણ 12 સુધી તેમનું સ્થાયીકરણ કરવા માટે આર્થિક રીતે નબળા વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

.................

## *AYUSH EXAM*

કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જાહેરાત કરી છે કે આયુષ માટે નેશનલ એક્ઝિટ ટેસ્ટ 2021-2022 બેચ પછીથી અમલી બનાવાશે.

નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, શ્રી જાધવે જણાવ્યું હતું કે આ બાબતે વિદ્યાર્થીઓની ચિંતાઓની સમીક્ષા કરવા માટે રચાયેલી સમિતિની ભલામણ પર નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે સમિતિએ ભલામણ કરી છે કે નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિન અને નેશનલ કમિશન ફોર હોમિયોપેથી એક્ટ્સ હેઠળ 2021-22 શૈક્ષણિક સત્રમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને NExT લાગુ કરવામાં આવશે,

રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાન, જયપુરના વાઇસ ચાન્સેલર પ્રો. સંજીવ શર્માની અધ્યક્ષતામાં આ સમિતિએ વિદ્યાર્થીઓના સૂચનોની સમીક્ષા કરી અને ભલામણો મંત્રાલયને સુપરત કરી. એક વર્ષની ઇન્ટર્નશિપ પૂર્ણ કર્યા પછી રાજ્ય અથવા રાષ્ટ્રીય રજિસ્ટરમાં લાયસન્સ મેળવવા અને નોંધણી માટે પરીક્ષા ફરજિયાત છે.

આ ઉપરાંત શ્રી જાધવે તમામ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી પર કેન્દ્રિત દેશ કા પ્રકૃતિ પરિક્ષણ અભિયાનની પણ જાહેરાત કરી હતી

.................

## *CENTRE-ONION*

ડુંગળીના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં કેન્દ્ર સરકાર દ્વારા રાહત દરે ડુંગળીનું વેચાણ કરવામાં આવશે.

દિલ્હી-એનસીઆરમાં મોબાઇલ વાન દ્વારા 38 સ્થળોએ 35 રૂપિયા પ્રતિ કિલોગ્રામ ભાવે ડુંગળીનાં વેચાણ માટે કૃષિ ભવન ખાતે મોબાઇલ વાનને લીલીઝંડી આપ્યા બાદ કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં અમદાવાદ, કોલકતા, ભુવનેશ્વર, હૈદરાબાદ, ચેન્નાઇ, બેંગલુરૂ, ગુવાહાટી અને રાયપુરમાં પણ આ રીતે રાહત દરે ડુંગળીનાં વેચાણની યોજના છે.

ગુરુવારથી દિલ્હી ઉપરાંત મુંબઇમાં મોબાઈલ વાન, નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ-NCCFની દુકાનો, નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ, કેન્દ્રીય ભંડાર અને સફળ દ્વારા રાહત દરે ડુંગળીનું વેચાણ શરૂ કરવામાં આવશે.

.................

## *KAPIL PARMAR- PM & PREZ*

પેરિસ પેરાલિમ્પિક્સ 2024માં ગઈકાલે કપિલ પરમારે પેરા જુડો મેન્સ J1 - 60 કિલોગ્રામ ઈવેન્ટમાં બ્રાઝિલના એલિલ્ટન ડી ઓલિવિરાને 10-0થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જુડોમાં ભારતનો આ પ્રથમ પેરાલિમ્પિક ચંદ્રક છે.

તેમની આ જીત બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ અને યુવા બાબતો અને રમતગમત મનસુખ માંડવિયાએ કપિલ પરમારની પ્રશંસા કરી હતી.

.................

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી પ્રવેશ અડિએચા

1) આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.

2) સંદેશ લખે છે, કોલકાતા ડૉક્ટર રેપ-મર્ડર કેસ – લાંચ ઑફરનો માતા-પિતાનો આક્ષેપ

3) 20 નેતાના રાજીનામા – હરિયાણામાં ચૂંટણી પહેલા ભાજપમાં ભડકો – આ ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે.

4) નવગુજરાત સમય લખે છે, હરિયાણા ભાજપમાં ‘દંગલ’ પક્ષમાંથી નેતાઓનાં રાજીનામાં.

.................